# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૨૩ તા.૧૫-૬-૧૭

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષયઃ- તા.૨૨,૨૩ અને ૨૪ જૂન-૨૦૧૭ દરમ્યાન 'કન્યા કેળવણી મહોત્સવ અને પ્રવેશ મહોત્સવ-૨૦૧૭' ની ઉજવણી કરવા બાબત.

સંદર્ભઃ- પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીના પત્રાંક પ્રાશિનિ / ચ-૧ / પ્રવેશોત્સવ / ૧૭ / ૩૫૮૧ - ૩૬૭૦ / તા.૧૭-૫-૧૭

આથી તમામ મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે,દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ''કન્યા કેળવણી મહોત્સવ અને પ્રવેશ મહોત્સવ-૨૦૧૭''ની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.ચાલુ વર્ષે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશ મહોત્સવ-૨૦૧૭નું આયોજન તા. ૨૨,૨૩ અને ૨૪ જૂન-૨૦૧૭દરમ્યાન કરવામાં આવ્યું છે.

પ્રાથમિક શિક્ષણ મેળવવાપાત્ર તમામ બાળકોને પ્રાથમિક શિક્ષણની સુવિધા સરળતાથી ઉપલબ્ધ થાય અને એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે શાળાઓમાં ૧૦૦% નામાંકન થાય, કન્યા કેળવણીનું ધ્યેય ૧૦૦% સિદ્ધ થાય, ધો. ૮ સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યા પહેલાં શાળા છોડી ગયેલા બાળકોનો પુનઃ પ્રવેશ થાય, ધો. ૮ ના તમામ બાળકો ધો. ૯ માં પ્રવેશ પામે તે માટે કન્યા કેળવણી મહોત્સવ અને પ્રવેશ મહોત્સવ-૨૦૧૭નું આયોજન કરવા શહેર કક્ષાની અમલીકરણ સમિતિમાં નકકી થયેલ નીચેના સૂચનો મુજબની કામગીરી કરશો. :-

(૧) આર.ટી.ઈ.રૂલ્સ-૨૦૦૯ અંતર્ગત તા.૧-૬-૧૭ના રોજ પાંચ વર્ષ પુરા થતા હોય તેવા બાળકોને ધો.૧માં પ્રવેશ આપવાનો રહેશે.

(૨) ધો. ૮ પછી કેટલા વિદ્યાર્થીઓએ ધો. ૯ માં પ્રવેશ મેળવ્યો અને કેટલા વિદ્યાર્થીઓએ આઇ.ટી.આઇ. માં પ્રવેશ મેળવ્યો અથવા તો અભ્યાસ છોડી દીધો તે માહિતી મેળવી શાળા કક્ષાએ રાખવી.

(૩) ધો. ૮ પાસ કરી બાળકોએ ધો. ૯ માં પ્રવેશ મેળવેલ છે કે કેમ અથવા તો ડ્રોપ આઉટ થયેલ છે કે કેમ તથા ધો. ૯ માં કઈ શાળામાં પ્રવેશ મેળવેલ છે તેની વિગતો સીઆરસી હેઠળ આવતી શાળાઓમાં તૈયાર કરવાની જવાબદારી જે તે સીઆરસીની રહેશે અને ધો.૮ પાસ કરી ધો. ૯ માં જનાર બાળકોની તમામ વિષયોની ઉત્તરવહીઓ જે તે માધ્યમિક શાળામાં મોકલવાની રહેશે આ કામગીરી જે-તે શાળાના મુખ્ય શિક્ષકશ્રીએ સુરવાઇઝરશ્રીના માર્ગદર્શનમાં કરવાની રહેશે તેમજ ધો.૯ વાળી આ શાળામાં કન્યા કેળવણી મહોત્સવ થવાનો છે તેની લાયઝન અધિકારી મારફતે જાણકારી મેળવી સબંધિત શાળાના મુખ્ય શિક્ષકશ્રી તેમજ ધો.૮ ભણાવતા તમામ શિક્ષકશ્રીઓએ જરૂરી વિગતો સાથે હાજર રહેવું.

(૪) એક વિદ્યાર્થીની અને એક વિદ્યાર્થી દ્વારા કાર્યક્રમનું સંચાલન થાય તેવું આયોજન કરવું.

(૫) શાળામાં જે - તે દિવસે બાળકોને વિનામૂલ્યે પાઠયપુસ્તકો, વિદ્યાલક્ષ્મી બોન્ડ, શિષ્યવૃત્તિ, વિદ્યાદીપ વિમા યોજનાના ચેક વગેરેનું વિતરણ કરવું.

(૬) વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના અંગે વાલીઓને માહિતગાર કરવા તથા પાત્રતા ધરાવતી કન્યાઓને કાર્યક્રમ વખતે બોન્ડ આપવા.

(૭) પ્રાથમિક શાળાનો અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાલક્ષ્મી બોન્ડ ધરાવતી કન્યાઓને પાકતી મુદતના બોન્ડની રકમના ચેકનું વિતરણ કરવું.

(૮) અમૃત વચન - સ્વચ્છતા અભિયાન(ઘન કચરાનું વર્ગીકરણ અને તેની ઉપયોગીતા), બેટી બચાવો, પાણી બચાવો, વૃક્ષારોપણ વિષય પર બાળકોને વક્તવ્ય તા. ૨૨ થી ૨૪ જૂન દરમ્યાન તૈયાર કરાવવાની જવાબદારી શિક્ષકોની રહેશે. પ્રવેશોત્સવ વખતે બે વિદ્યાર્થીઓનું વક્તવ્ય રાખવું જેમાં સ્વચ્છતા અભિયાન(ઘન કચરાનું વર્ગીકરણ નો વિષય ફરજીયાત રાખવો) .

(૯) કાર્યક્રમમાં વધારેમાં વધારે લોકભાગીદારી ઉપલબ્ધ થાય તેવા પ્રયાસો કરવા.

(૧૦) બાળકોને સુખડી સાથે ફળો આપી શકાય તે અંગે પણ કાર્યવાહી કરવી તેમજ પ્રવેશપાત્ર બાળકો / ઈનામના લાભાર્થી બાળકોને કીટ,પુસ્તક સાથે ચોકલેટ પણ આપવી.

(૧૧) પ્રવેશપાત્ર બાળકના મસ્તક ઉપર ટોપી, મુગટ કે પટ્ટી કશુંય પહેરાવવું નહીં.

(૧૨) ધો. ૩ થી ૮ માં પ્રથમ ક્રમાંકે ઉતીર્ણ થનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવું.

(૧૩) દાતાઓ, સહકારી સંસ્થા કે સ્વૈચ્છિક સંસ્થાઓનો સંપર્ક કરી દાન/ લોકફાળો મેળવવા પ્રયાસ કરવા તથા દાતાઓનું સન્માન કરવું.

(૧૪) કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશ મહોત્સવ-૨૦૧૭ના દિવસે કાર્યક્રમ પહેલાં વોર્ડની તમામ શાળામાં વિસ્તારની આસપાસ રેલીનું આયોજન કરવું. જેમાં વાલીઓમાં શિક્ષણ અને કન્યા કેળવણી પ્રત્યે જાગૃતિને લગતા સૂત્રો, કાર્ડસ, બેનર્સ વગેરે સાથે લઈને જવું. મહાનગર પાલિકામાં દરેક વોર્ડમાં રેલીનું આયોજન કરવું.

(૧૫) પદાધિકારી/અધિકારી કે પ્રવેશ પામતાં બાળકોનું ફૂલ, કંકુ કે ગુલાબની પાંદડી, ચંદન તિલકથી સ્વાગત કરવું નહીં.

(૧૬) પ્રવેશ પામતા બાળકોના ડ્રેસ ઉપર તેમના નામનું બેઇઝ લગાવી શકાય તેમજ પ્રવેશ પામતા વિદ્યાર્થીઓને જે પાઠયપુસ્તક અને બ્રેઈલ પાઠયપુસ્તક કે કીટ આપવામાં આવે તેના ઉપર પણ તેનું નામનું સ્ટીકર લગાવવાનું ફરજિયાત રહેશે તેમજ વિદ્યાલક્ષ્મી બોન્ડની કોપી જો મળવાપાત્ર હોય તો પણ સાથે રાખી તેને આપી શકાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે. આ અંગેની જવાબદારી જે- તે શાળાના શિક્ષકને સોંપવી.

(૧૭) વર્ષ ૨૦૧૬-૧૭ ની **NMMS** પરીક્ષાઓમાં ઉર્તિણ થયેલ વિદ્યાર્થીઓનું સન્માન કરવાનું રહેશે.

(૧૮) શાળામાં આવનાર પદાધિકારી/અધિકારી પ્રવેશોત્સવ બાદ **RTE** અંતર્ગત નબળા વર્ગનાં બાળકોને પ્રવેશ આપેલ નજીકની ખાનગી શાળાની મુલાકાત લેનાર છે, તો તે અંગે આયોજન કરવું.

(૧૯) દાતાઓ પાસેથી આંગણવાડીના બાળકો માટે કાર્યક્રમ અગાઉ રમકડાં મેળવવાં/ એકઠાં કરવાના રહેશે. આ રમકડાં આંગણવાડીના બાળકોને વિતરણ થાય તેવી વ્યવસ્થા ગોઠવવી. આ માટે આંગણવાડીની બહેનોનો અગાઉથી સંપર્ક કરી હાજર રાખવા.

(૨૦) દાતાઓ પાસેથી શાળા લાયબ્રેરી માટે પુસ્તકો મેળવવા અને મહાનુભાવોના હસ્તે શાળાને અર્પણ થાય તેવી વ્યવસ્થા ગોઠવવી.

(૨૧) જે શાળા ૧૦૦ વર્ષ કરતાં જૂની છે તેવી શાળાઓમાં વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવું અને શાળા પ્રોફાઈલમાં તેનો ઉલ્લેખ કરવો.

(૨૨) શહીદોના નામાંકરણવાળી શાળામાં જે - તે શહીદવીરને શ્રધ્ધાંજલિ આપવી અને બાળકો દ્વારા વાર્તાલાપ ગોઠવવો.

(૨૩) મહેમાનોનું સ્વાગત ફ્રૂટ બાસ્કેટથી કરવાનું રહેશે. આ ફ્રૂટ બાસ્કેટ મહેમાનોના હસ્તે આંગણવાડીની બહેનોને સુપ્રત કરવાના રહેશે.

(૨૪) સર્વ શિક્ષા અભિયાન નિર્મિત શાળાના વર્ગખંડો, પ્રજ્ઞાના નવા વર્ગોનું શુભારંભ કરવવો, નવા બિલ્ડીંગો તેમજ કોર્પોરેશન દ્વારા બનાવવામાં આવેલ નવા બિલ્ડીંગોનું લોકાર્પણ કરવું તેમજ નવા બનનાર વર્ગખંડોનું ખાતમુર્હુત મહાનુભાવોના હસ્તે કરાવવું. આ અંગે આસિ.એ.ઓ. પાસેથી માહિતી મેળવી લેવી.

(૨૫) વૃક્ષારોપણમાં સરગવા કે ફળના છોડ રોપવા. અગાઉથી આ રોપાઓની વ્યવસ્થા કરી લેવી.

(૨૬) પ્રવેશોત્સવ દરમ્યાન સમગ્ર શાળા અને તેની આસપાસના વિસ્તારની સફાઈ થાય તેવું આયોજન કરવું. સફાઈ માટે નજીકનાં મસ્ટર સ્ટેશનનો સંપર્ક કરવો અને લેખિતમાં જાણ પણ કરવી.

(૨૭) પ્રવેશોત્સવના દિવસે પણ શાળા તેમજ શાળાની આસપાસના વિસ્તારની સફાઇ થઇ જાય તેવું આયોજન કરવું.

(૨૮) શાળા દ્વારા સ્થાનિક કાઉન્સીલરશ્રીઓને આમંત્રિત કરવા.

(૨૯) મ્યુનિ. સ્કૂલ બોર્ડ સભ્યશ્રીઓને મુખ્ય ઓફિસ તરફથી આમંત્રણ પાઠવવામાં આવશે જેથી જે-તે શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓએ શાળા કક્ષાએથી આમંત્રણ પાઠવવાના થતા નથી.

(૩૦) દરેક શાળાએ ‘ સ્કૂલ રીપોર્ટ કાર્ડ ’ અને ગુણોત્સવ-૬(૨૦૧૬) રીપોર્ટ કાર્ડ પ્રોફાઇલ સાથે રાખવો(ગુણોત્સવ રીપોર્ટ કાર્ડ સીઆરસી / સુપરવાઇઝરશ્રી પાસેથી મેળવવાના રહેશે).

(૩૧) કાર્યક્રમ પૂર્ણ થયા બાદ દિન-૩માં કાર્યક્રમના પાંચ ફોટોગ્રાફ સાથેનો અહેવાલ સુપરવાઈઝરશ્રીને મેઈલ દ્વારા મોકલી આપવાનો રહેશે.

(૩૨) કન્યા કેળવણી મહોત્સવ અંતર્ગત સ્કૂલ બોર્ડ દ્વારા રૂા.૧૫૦૦/- ફાળવવામાં આવનાર છે, જેના હિસાબો સુપરવાઈઝરશ્રી પાસે ચેક કરાવવાના રહેશે. એક જ બિલ્ડીંગમાં બેસતી તમામ શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓએ સાથે મળીને ખર્ચનું આયોજન કરવું. આ માટે દરેક શાળાના શિક્ષકને ખર્ચ સમિતિમાં પ્રતિનિધિ તરીકે રાખવા.

(૩૩) કાર્યક્રમ દરમ્યાન નામાંકન થયેલ બાળકોની માહિતી, મળેલ લોકસહયોગની માહિતી નિયત નમૂનામાં સી.આર.સી. કો.ઓર્ડી.ને ત્વરિત પૂરી પાડવાની રહેશે.

(૩૪) તમારી શાળામાં આવનાર તમામ મહેમાનશ્રીઓની નેમ પ્લેટ તૈયાર કરી પ્રોટોકોલ મુજબ સ્ટેજ પર ગોઠવવી.

(૩૫) તમારી શાળામાં જે-જે મહાનુભાવોને આમંત્રણ આપવાના થાય તેમાં શાળાના નામની સાથે શાળાનું આખું સરનામું તેમજ મુખ્ય શિક્ષકશ્રીએ પોતાનો મોબાઈલ નંબર દર્શાવવો.

(૩૬) એસ.એસ.એ. અંતર્ગત જે શાળાઓમાં પરિવહન સુવિધા ચાલુ કરવાની થતી હોય તેવી શાળાઓએ મહાનુભાવોના હસ્તે લાભાર્થી બાળકોનું વાહનો સાથે આગમન/ પ્રસ્થાન કરાવવું. આ અંગે અત્રેથી કરવામાં આવેલ પરિપત્ર નં. ૧૬૫ તા.૯/૩/૨૦૧૭ તથા ટ્રાન્સપોર્ટેશન માટેની મંજૂરીના પત્રમાં આપવામાં આવેલ નિયમોનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

(૩૭) પ્રવેશોત્સવ સાથે શૈક્ષણિક મૂલ્યાંકનનું આયોજન હોઈ ધો. ૧ થી ૮ ના તમામ પરિણામ પત્રકો અને SCE ના તમામ પત્રકો ચકાસીને તૈયાર રાખવા અને બાળકોની વાર્ષિક પરીક્ષા-૨૦૧૭ની ઉત્તરવહીઓ અલગ ટેબલ પર ધોરણ અને વિષયવાઈઝ ક્રમાનુસાર તૈયાર રાખવી.

(૩૮) ધો.૯ માં જે માધ્યમિક શાળાઓમાં બાળકોએ પ્રવેશ મેળવેલ હોઈ જ્યાં ધોરણ.૯ નો પ્રવેશોત્સવનું આયોજન થયેલ છે તે માધ્યમિક શાળામાં ધો.૮ની ઉત્તરવહીઓ તેમજ SCE પત્રકો પ્રવેશોત્સવ અગાઉ જે તે શાળાના મુખ્ય શિક્ષકશ્રીએ આપીને તે શાળાના પ્રિન્સીપાલની પહોંચ મેળવી લેવી. કાર્યક્રમ પૂર્ણ થયેથી પાવતી રજૂ કરી જે-તે માધ્યમિક શાળામાંથી પરિણામ પત્રકો તથા ઉત્તરવહીઓ બિનચૂક પરત મેળવી લેવી.

(૩૯) આ સાથે શાળા પ્રવેશોત્સવ દરમ્યાન શૈક્ષિણક મૂલ્યાંકનની માર્ગદર્શિકા સામેલ છે તે મુજબ શૈક્ષણિક મૂલ્યાંકન કરવામાં આવનાર છે તે મુજબ તૈયારી કરાવવી.

(૪૦) આપની શાળાનાં સરકારશ્રી, અ.મ્યુ.કો કે દાતાઓ તરફથી આપવામાં આવેલ તમામ કોમ્પ્યુટર ચાલુ હાલતમાં છે કે કેમ તે ચકાસી, કોમ્પ્યુટર ચાલુ રાખવા.

(૪૧) શાળામાં આર.ઓ. પ્લાન્ટ જો બંધ હોય તો તાકીદે સર્વ શિક્ષા અભિયાનના પ્રોજેકટ ઈજનેરનો સંપર્ક કરી રીપેર કરાવી લેવા.

(૪૨) શાળામાં કોઈપણ પ્રકારનું ઈલેકટ્રીક વાયરીંગમાં રીપેરીંગની જરૂરિયાત જણાય તો તાકીદે રિપેર કરાવી લેવું.
ઉપરોકત માર્ગદર્શક સૂચનો મુજબ તમામ શાળાઓમાં પરિણામલક્ષી કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશ મહોત્સવનું આયોજન કરી પ્રવેશપાત્ર બાળકોને શાળામાં લાવી અને તેનું સ્થાયીકરણ કરી ઉચ્ચ ગુણવત્તાવાળું શિક્ષણ પ્રાપ્ત કરે તેવું આયોજન આપની કક્ષાએથી કરવાનું રહેશે. વાલી મીટીંગમાં સાક્ષરતા દર વિશે ચર્ચા કરવી.

(૪૩) ઘન કચરાના વર્ગીકરણ માટેની પ્રતિજ્ઞા આ સાથે આપેલ છે. મુખ્ય મહેમાન ના હસ્તે પ્રતિજ્ઞા લેવડાવવી અને કાર્યક્રમ પુર્ણ થયા પછી બાળકો પાસે તેમની જવાબદારી નક્કી કરતી પ્રતિજ્ઞામાં બાળકનું નામ, સરનામું લખાવવું અને શાળા કક્ષાએ તેની કોપી રાખવી.

(૪૪) જીસીઆરટી દ્વારા મળેલ સુચના મુજબ પ્રવેશોત્સવની સાથે બાળમેળો અને ઈકો કલબની પ્રવૃતિ કરવાની હોઇ તેનું આયોજન કરવું. બાળમેળા માટે ધો. ૧ થી ૫ માટે રૂ. ૫૦૦/- અને ધો. ૬ થી ૮ માટે રૂ.૫૦૦/-, જો શાળા ધો.૧થી૮ ની હોય તો ૫૦૦+૫૦૦ મળીને કુલ ૧૦૦૦/- રૂપિયા તેમજ ઈકો કલબ માટે રૂ.૧૦૦૦/-ની ગ્રાન્ટ ડાયટ દ્વારા બેન્ક ઓફ ઈન્ડીયા ના ખાતામાં જમા કરાવેલ છે.

| ક્રમ | કક્ષા | ધોરણ | પ્રવૃતિઓ |
|---|---|---|---|
| ૧ | પ્રાથમિક કક્ષા | ૧થી૫ | બાળમેળો-માટી કામ, કાતરકામ, ચીટકામ, રંગપુરવણી, કાગળકામ, એકમિનિટ પઝલ્સ, હાસ્ય દરબાર, વેશભૂષા વગેરે. |
| ૨ | ઉચ્ચ પ્રાથમિક કક્ષા | ૬થી૮ | લાઈફ સ્કીલ(જીવન કૌશલ્ય) મેળો-ફ્યુઝ બાંધવો, સ્ક્રુ લગાવવો, કુકર બંધ કરવું, ખિલ્લી લગાવવી, ટાયરનું પંચર કરવું, શરીરની સ્વચ્છતા, વ્યસનથી થતું નુકસાન વગેરે જીવન વ્યવહારમાં ઉપયોગી વિવિધ કૌશલ્યોનો સામવેશ વગેરે. |

(૪૫) રાજ્ય સરકાર દ્વારા કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવના નામાંકન, વિદ્યાલક્ષ્મી બોન્ડ, ધો.૯ નો પ્રવેશ, અધિકારીઓના નામ, પુનઃપ્રવેશની વિગતો દર્શાવતું પત્રક-૧ અને પત્રક-૨ આ સાથે સામેલ છે. પ્રવેશોત્સવની ઉજવણી થયા બાદ પ્રવેશોત્સવ અહેવાલ તથા આ સાથે સામેલના પત્રકો મુજબની માહિતી તા.૨૨-૬-૧૭, તા.૨૩-૬-૧૭ અને તા.૨૪-૬-૧૭ની માહિતી સી.આર.સી.કો.ઓ.ને ૩-૦૦ કલાક સુધીમાં મોકલી આપવી.

તા. ૧૫-૦૬-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

બિડાણ :-૧. શાળા પ્રવેશોત્સવ-૨૦૧૭ દરમ્યાન શૈક્ષણિક મૂલ્યાંકનનું નમૂના પત્રક (પદાઅધિકારીશ્રીઓ માટેનું)
૨. પત્રક-૧ અને પત્રક-૨ (રોજે રોજ આપવાની માહિતીનું પત્રક)
૩. ઘન કચરાના વર્ગીકરણ માટેની પ્રતિજ્ઞા.

| સવારે ૭-30 થી ૮-00 કલાકે | | |
|---|---|---|
| ક્રમ | વિગત | મિનિટ |
| ૧ | વોર્ડમાં રેલી | 30 |
| સવારે ૮-00 થી ૯-૨0 કલાકે | | |
| ક્રમ | વિગત | મિનિટ |
| ૧ | મનુષ્ય ગૌરવગાન | ૫ |
| ૨ | યોગ નિદર્શન | ૪ |
| 3 | આંગણવાડીના બાળકોને રમકડાં અને સુખડીનું વિતરણ, બાલભોગ | ૪ |
| ૪ | ધો.૧ માં પ્રવેશપામેલ બાળકોને કીટ વિતરણ | ૬ |
| ૫ | ધો.૫ માં પાસ થઇ ને ધો. ૬માં પ્રવેશ | 3 |
| ૬ | વિધાલક્ષ્મી બોન્ડ, શિષ્યવૃતિ, વિધાદિપ યોજનાના ચેક, પાઠયપુસ્તકોનું વિતરણ | ૨ |
| ૭ | દાનમાં મળેલ પુસ્તકોને મહાનુભાવોના હસ્તે શાળા લાયબ્રેરી ખાતે અર્પણ | ૨ |
| ૮ | ધો.3 થી ૮ માં પ્રથમ ક્રમે પાસ થનાર દિકરા, દિકરીઓનું પુસ્તક ધ્વારા સન્માન તથા વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર બાળકોનું સન્માન<br>-વર્ષ૨૦૧૫-૧૬ની NMMS પરીક્ષાઓમાં ઉર્તીણ વિધાર્થીઓનું સન્માન | ૫ |
| ૯ | શાળામાં ભણી ગયેલ વયોવૃધ્ધ વ્યકિતઓનું સન્માન તથા શાળામાં ભણેલા અને પોતાના કાર્યક્ષેત્રમાં ખાસ યોગદાન આપેલ હોય તેવી વ્યકિતઓનું સન્માન | ૨ |
| ૧૦ | અમદાવાદ મ્યુનિ કોર્પોરેશન દ્વારા ધન સૂકો કચરો અને ભીનો કચરો સંગ્રહ કરવા માટેના ડસ્ટબીનનું મહાનુભાવોના હસ્તે શાળાને વિતરણ | ૧ |
| ૧૧ | અમૃત વચન( સ્વચ્છતા અભિયાન (ધન કચરાનું વર્ગીકરણ અને તેની ઉપયોગીતા), બેટી બચાવો, પાણી બચાવો અને વૃક્ષારોપણ વિષય ઉપર બે વિધાર્થીઓનું વકતવ્ય ( ૨ વિધાર્થીઓ ૫-૫ મિનિટ) | ૧૦ |
| ૧૨ | અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ગ્રીન કેલેન્ડરનું મહાનુભાવોના હસ્તે શાળાને વિતરણ | ૧ |
| ૧૩ | મુખ્ય મહેમાનશ્રીનું પ્રવચન | ૮ |
| ૧૪ | ધન કચરાના વર્ગીકરણ માટેની પ્રતિજ્ઞાનું મહાનુભાવોના હસ્તે વાંચન | ૨ |
| ૧૫ | રાષ્ટ્રગીતનું ગાન | ૧ |
| ૧૬ | આભારવિધિ | ૧ |
| ૧૭ | વાલી / વિધાર્થી ધ્વારા વૃક્ષારોપણ (સરગવા/ફળના છોડ) | ૨ |
| ૧૮ | ટ્રાન્સપોટેશન ધ્વારા આવેલ બાળકોનું વાહન સાથે સ્વાગત | ૧ |
| | કુલ | ૬0 |
| ૧૯ | એસ.એમ.સી. મીટીંગ | ૨0 |
| સવારે ૯-૨0 થી ૧૧-30 કલાકે | | |
| | | મિનિટ |
| | નવા વર્ગખંડોનો શુભારંભ/ નવા વર્ગખંડોના બાંધકામનું ખાધમુર્હુત | ૫ |
| | | |
| ક્રમ | વર્ગખંડોમાં શૈક્ષણિક મૂલ્યાંકન | મિનિટ |
| ૧ | ધો.૨ માં ૬ બાળકોનું વાંચન, લેખન, ગણન મૂલ્યાંકન | 3૫ |
| ૨ | ધો.3 થી ધો.૫ પૈકી કોઇ એક ધોરણના કોઇપણ એક વિષયના ગત વર્ષના પરીણામની ચકાસણી | 3૫ |
| 3 | ધો.૬ થી ધો.૮ પૈકી કોઇ એક ધોરણના કોઇપણ એક વિષયના ગત વર્ષના પરીણામની ચકાસણી | 3૫ |
| ૪ | સ્ટાફ બેઠક | ૧૫ |
| ૫ | બાળમેળો (કાર્યક્રમ પૂર્ણ થયેથી 30 મિનિટ માટે શાળાએ પોતાના આયોજન અનુસાર બાળમેળો કરવાનો છે.) | |

# માધ્યમિક શાળામાં પ્રવેશોત્સવ

## ૧૧- ૪૫ થી ૧૨-30

## ધોરણ - ૧ માં RTE અંતર્ગત 25 % પ્રવેશવાળી શાળાની મુલાકાત

## ૨-30 થી ૪-૦૦ કલાકે

| ક્રમ | વિગત ( ભાગ - ૧ ) | મિનિટ |
|---|---|---|
| ૧ | મનુષ્ય ગૌરવગાન | ૫ |
| ૨ | યોગ નિદર્શન | ૫ |
| 3 | ધો.૯ માં પ્રવેશપામેલ બાળકોને કીટ વિતરણ | ૬ |
| ૪ | શિષ્યવૃતિ, વિધાદિપ યોજનાના ચેક, પાઠયપુસ્તકોનું વિતરણ | 3 |
| ૫ | દાનમાં મળેલ પુસ્તકોને મહાનુભાવોના હસ્તે શાળા લાયબ્રેરી ખાતે અર્પણ | ૨ |
| ૬ | ધો.૯ થી ૧૦ માં પ્રથમ ક્રમે પાસ થનાર દિકરા, દિકરીઓનું પુસ્તક ધ્વારા સન્માન તથા વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર બાળકોનું સન્માન | ૫ |
| | વર્ષ ૨૦૧૫-૧૬ ની NTS પરીક્ષાઓમાં ઉર્તીણ ખેલમહાકુંભ વિધાર્થીઓનું સન્માન | |
| ૭ | શાળામાં ભણી ગયેલ વયોવૃધ્ધ વ્યકિતઓનું સન્માન તથા શાળામાં ભણેલા અને પોતાના કાર્યક્ષેત્રમાં ખાસ યોગદાન આપેલ હોય તેવી વ્યકિતઓનું સન્માન | ૫ |
| ૮ | અમૃત વચન( સ્વચ્છતા અભિયાન (ધન કચરાનું વર્ગીકરણ અને તેની ઉપયોગીતા), બેટી બચાવો, પાણી બચાવો અને વૃક્ષારોપણ વિષય ઉપર બે વિધાર્થીઓનું વકતવ્ય ( ૨ વિધાર્થીઓ ૫-૫ મિનિટ) | ૧૦ |
| ૯ | મુખ્ય મહેમાનશ્રીઓનું પ્રવચન | ૮ |
| ૧૦ | રાષ્ટ્રગીતનું ગાન | ૧ |
| ૧૧ | આભારવિધિ | ૫ |
| ક્રમ | ( ભાગ -૨ ) | |
| ૧ | વાલી / વિધાર્થી ધ્વારા વૃક્ષારોપણ (સરગવા/ફળના છોડ) | ૫ |
| ૨ | MTA/PTA બેઠક | ૧૦ |
| ક્રમ | ( ભાગ - 3 ) | |
| | વર્ગખંડોમાં શૈક્ષણિક મૂલ્યાંકન | |
| ૧ | ધો.૮ ના કોઇ એક વિષયના ગત વર્ષના પરીણામની ચકાસણી | ૧૫ |
| ૨ | સ્ટાફ બેઠક | ૧૦ |
| | કુલ ટાઈમ | ૯૦ મિનિટ |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ

## ઘન કચરાના વર્ગીકરણ માટેની પ્રતિજ્ઞા

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત અમદાવાદ શહેરને સ્વચ્છ અને હરિયાળુ રાખવા તેમજ ઝીરો વેસ્ટ સીટી બનાવવાના અભિગમને સિધ્ધ કરવા માટે મારા યોગદાન રૂપે હું સપથ લઉં છુ કે, હું પોતે ગંદકી કરીશ નહી અને બીજા કોઈને પણ ગંદકી કરવા દઈશ નહી. હું સૌ પ્રથમ મારાથી,મારા પરિવારથી,મારા મહોલ્લાથી સ્વચ્છતાની શરૂઆત કરીશ.

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ઘન કચરાના વર્ગીકરણ કરવાનાં ભાગરૂપે હું પ્રતિજ્ઞા લઉ છું કે હું મારા ઘર/શાળામાં મારો કચરો જ્યાં ત્યાં ફેંકીશ નહી. હું ભીનો કચરો જેમ કે રસોડાનો કચરો,શાકભાજી,લીલા રંગની કચરાપેટીમાં અને સુકો કચરો જેમ કે છાપા, પ્લાસ્ટીકની બોટલ, પ્લાસ્ટીકના પાઉચ વાદળી રંગની કચરાપેટીમાં જ નાખીશ.

આ બાબતે હું મારા પરિવારજનોને પણ પ્રોત્સાહિત કરીશ કે તેઓ પણ ઘન કચરાના વર્ગીકરણ મુજબ ભીનો અને સુકો કચરો અલગ અલગ કચરાપેટીમાં જ નાખે.


**"મારો કચરો મારી જવાબદારી"**


વિદ્યાર્થીનું નામ : ------------------------------------------------

સરનામું : ------------------------------------------------

શાળાનું નામ : ------------------------------------------------

મોબાઈલ નંબર : ------------------------------------------------





| | |
|---|---|
| રસોડાનો કચરો, શાકભાજીના છોતરા , ફળના છોતરા, બચેલો એંઠવાડ, નાળીયેરીના કુચા, ખરાબ શાકભાજી, ફળ તથા બગડેલી ચાનકીઓ, કચરો ઘરની ધૂળ, ખરાબ ટીસ્યુ પેપર, બગીચાનો કચરો | દૂધની થેલી, પાણીના પાઉચ, પ્લાસ્ટીકની બોટલ, છાપા, મેગેઝીન, ફાટેલા કાગળ, મોટા ખોખા, કાગળ, કપ, પ્લેટ, કાચની ખાલી બોટલ, રબર , થર્મોકોલ અને લાકડું, ઠંડા પીણાના કેન |

## Format - I (શહેરી વિસ્તાર)

### તા.૨૨ થી ૨૪ જૂન ૨૦૧૭ દરમ્યાન કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ - ૨૦૧૭ ના ઉજવણી કાર્યક્રમો દરમ્યાન માહિતીની એકંદરી દર્શાવતું પત્રક

### જીલ્લાએ બ્લોકકક્ષાએથી માહિતીનું એકત્રીકરણ કરવા અંગેનું પત્રક

### તા. 24 જૂન ૨૦૧૭ ની સ્થિતીએ

| ક્રમ | નગરપાલિકા / મહાનગરપાલિકા નું નામ | મુલાકાત લેવામાં આવેલ વોર્ડની સંખ્યા | મુલાકાત લેનાર મહાનુભાવો ની સંખ્યા | મુલાકાત પામેલ કુલ શાળાઓની સંખ્યા | | ધોરણ-૧ માં કુલ પ્રવેશ પાત્ર વિદ્યાર્થીઓની સંખ્યા | | | ધોરણ-૧ માં કુલ નામાંકન (નવા દાખલ થયેલ) | | | ધોરણ-૧ માં કુલ નામાંકન (પુનઃ પ્રવેશ) | | | ધો.૯ માં પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓની સંખ્યા | | | વિકલાંગ બાળકોનું નામાંકન (કોલમ ૬ થી ૧૪ પૈકીના) | | | કેટલી કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા | કેટલી શાળામાં ટ્રાન્સપોર્ટેશન સુવિધાની શરુઆત કરવામા આવી | પ્રાપ્ત થયેલ લોકસહકાર / દાન | | | આંગણવાડી / બાલમંદિરમાં નામાંકન થયેલ બાળકો | | | શૈક્ષણિક મૂલ્યાંકન સંદર્ભે પ્રશસ્તિ પત્ર આપવા પાત્ર શિક્ષકોની સંખ્યા | શૈક્ષણિક મૂલ્યાંકન સંદર્ભે ધ્યાન દોરવા પાત્ર શિક્ષકોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | પ્રાથમિક | માધ્યમિક | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | | | રોકડ | વસ્તુ સ્વરૂપમાં (અંદાજીત કિંમત) | કુલ | કુમાર | કન્યા | કુલ | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ |
| ૧ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| TOTAL | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| કુલ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |

## Format - II (શહેરી વિસ્તાર)

### તા. ૨૨ થી ૨૪ જૂન ૨૦૧૭ દરમ્યાન કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ - ૨૦૧૭ ના ઉજવણી કાર્યક્રમો દરમ્યાન માહિતીની એકંદરી દર્શાવતું પત્રક

### જીલ્લાએ બ્લોકકક્ષાએથી માહિતીનું એકત્રીકરણ કરવા અંગેનું પત્રક

### તા. ૨૨,૨૩ અને ૨૪ જૂન ૨૦૧૭ ની સ્થિતીએ

| ક્રમ | નગરપાલિકા / મહાનગરપાલિકા નું નામ | પદાધિકારીશ્રી / અધિકારીશ્રીનું નામ | પદાધિકારીશ્રી / અધિકારીશ્રીના હોદ્દાનો પ્રકાર | પદાધિકારી શ્રી / અધિકારીશ્રી ના હોદ્દાનો વર્ગ | હોદ્દો | મુલાકાત લીધેલ ગામનું નામ | મુલાકાત લીધેલ તારીખ | મુલાકાત લીધેલ શાળાની વિગત | | | ગેરહાજર હોય તો, તેની વિગત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | DISE Code | શાળાનું નામ | શાળાનો પ્રકાર | |
| ૧ | ૨ | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 |
| ૧ | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| TOTAL | | | | | | | | | | | |
| કુલ | | | | | | | | | | | |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,અમદાવાદ

## કન્યા – કેળવણી અને શાળા પ્રવેશ મહોત્સવ - ૨૦૧૭

## ઉત્તરવહી માધ્યમિક શાળામાં આપ્યાની પાવતી

આથી પાવતી આપવામાં આવે છે કે તા. /૦૬/૨૦૧૭ ના રોજ શ્રી ...................................... સી.આર.સી......................... વોર્ડ દ્વારા નીચેની વિગતે ........................................................................ ની ઉત્તરવહીઓ મળેલ છે. જે માટે આ પાવતી આપવામાં આવે છે.

| ક્રમ | શાળાનું નામ | ધોરણ | વિષય | ઉત્તરવહીઓની સંખ્યા | મળેલ કુલ બંડલ |
|---|---|---|---|---|---|
| 1 | | 8 | ગુજરાતી | | |
| 2 | | 8 | ગણિત | | |
| 3 | | 8 | સામાજિક વિજ્ઞાન | | |
| 4 | | 8 | વિજ્ઞાન અને ટેકનોલોજી | | |
| 5 | | 8 | અંગ્રેજી | | |
| 6 | | 8 | હિન્દી | | |
| | | | કુલ | | |

ઉત્તરવહી સ્વીકારનાર

મુખ્ય શિક્ષકશ્રીનું નામ

સહી / સિક્કો

ઉત્તરવહી સોંપનાર

તારીખ - /૦૬/૨૦૧૭

સી.આર.સી.કો.ઓર્ડિનેટર

વોર્ડ -......................................

# શાળા પ્રવેશોત્સવ દરમિયાન મૂલ્યાંકન અંગેની માહિતી

મુલાકાત લેનાર અધિકારીનું નામ :........................................................... હોદ્દો : ..................................

લાયઝનનું નામ: ....................................................................... હોદ્દો : ..................... રૂટ નંબર:..................

## ધોરણ : ૨ ના મૂલ્યાંકનની માહિતી

| તારીખ | શાળાનું નામ | ધોરણ / વર્ગ | વર્ગશિક્ષકનું નામ | વાચન | | લેખન | | ગણન | | યોગ્ય માલુમ પડેલ છે?હા કે ના? |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | શિક્ષક દ્વારા આપેલ ગ્રેડ | અધિકારી દ્વારા આપેલ ગ્રેડ | શિક્ષક દ્વારા આપેલ ગ્રેડ | અધિકારી દ્વારા આપેલ | શિક્ષક દ્વારા આપેલ | અધિકારી દ્વારા આપેલ ગ્રેડ | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |

## ધોરણ : ૩,૪,૫ ના મૂલ્યાંકનની માહિતી

| તારીખ | શાળાનું નામ | ધોરણ / વર્ગ | વિષયશિક્ષકનું નામ | વિષય | ઉત્તરવહીઓ યોગ્ય રીતે ચકાસેલ છે? | ચકાસણી થયેલ વિદ્યાર્થી તેને પાત્ર છે? | યોગ્ય માલુમ પડેલ છે? હા કે ના? |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

## ધોરણ : ૬,૭ ના મૂલ્યાંકનની માહિતી

| તારીખ | શાળાનું નામ | ધોરણ / વર્ગ | વિષયશિક્ષકનું નામ | વિષય | ઉત્તરવહીઓ યોગ્ય રીતે ચકાસેલ છે? | ચકાસણી થયેલ વિદ્યાર્થી તેને પાત્ર છે? | યોગ્ય માલુમ પડેલ છે? હા કે ના? |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

## ધોરણ : ૮ ના મૂલ્યાંકનની માહિતી

| તારીખ | શાળાનું નામ | ધોરણ / વર્ગ | વિષયશિક્ષકનું નામ | વિષય | ઉત્તરવહીઓ યોગ્ય રીતે ચકાસેલ છે? | ચકાસણી થયેલ વિદ્યાર્થી તેને પાત્ર છે? | યોગ્ય માલુમ પડેલ છે? હા કે ના? |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

લાયઝનની સહી :

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,અમદાવાદ

શાળાસંકુલનું નામ : ............................................................................ તા..............................

| ધોરણ | શાળાનું નામ | વર્ગોની વિગત | | | | | કોઇપણ બે વિદ્યાર્થી પસંદ કરવા . |
|---|---|---|---|---|---|---|---|
| | | અ | બ | ક | ડ | ઈ | |
| 2 | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

## ધોરણ 3 થી 5

| ધોરણ | શાળાનું નામ | વર્ગોની વિગત | | | | | કોઇપણ એક ધોરણનો એક વિષય પસંદ કરવો. |
|---|---|---|---|---|---|---|---|
| | | અ | બ | ક | ડ | ઈ | |
| 3 | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| 4 | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| 5 | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

## ધોરણ 6 થી 8

| ધોરણ | શાળાનું નામ | વર્ગોની વિગત | | | | | કોઇપણ એક ધોરણના બે વિષય પસંદ કરવા. |
|---|---|---|---|---|---|---|---|
| | | અ | બ | ક | ડ | ઈ | |
| 6 | | | | | | | |
| | | | | | | | |
| 7 | | | | | | | |
| | | | | | | | |
| 8 | | | | | | | |
| | | | | | | | |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**અમૃત વચન ઘન કચરાના વર્ગીકરણ અને ઉપયોગીતા માટે શાળાના**
**બે બાળકો દ્વારા સંવાદ કરી શકાય તે અંગેની માર્ગદર્શન રૂપ સ્પિચ**

ભાઈ અમદાવાદીઓ માટે એક આનંદના સમાચાર છે.
આપણા મહાનગરને સ્વચ્છ..
અને
પર્યાવરણને સુરક્ષિત રાખવા માટે
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને શરૂ કર્યો છે એક સુંદર પ્રોજેક્ટ

તમારા ઘર કે ઓફિસના
ભીના અને સુકા કચરાને
અલગ અલગ નાંખવા માટે
લીલા અને વાદળી રંગની કચરાપેટીનો ઉપયોગ કરો.

કાગળ,પુંઠા, પ્લાસટિકની થેલીઓ, કાચ, કપડા, ધાતુ, તુટેલા ડબ્બા રબર...
આ બધો છે સૂકો કચરો.. તેને તમે નાંખજો વાદળી કચરાપેટીમા..

બગડેલા શાકભાજી,વધેલો ખોરાક,ફળ અને તેના છોતરા, ઝાડના પાંદડા આ બધો છે ભીનો કચરો... તેને નાંખજો લીલી કચરાપેટીમાં...

AMC તમારા વર્ગીકૃત કરેલા કચરાને
અલગ અલગ એકત્રિત કરી છેક
પ્રોસેસિંગ પ્લાન્ટ સુધી લઈ જશે અને
ભીના કચરામાંથી બનાવવામાં આવશે ઓર્ગેનિક ખાતર અને વીજળી
સૂકા કચરાનું પણ કરાશે રિસાયકલીંગ
જેથી ડમ્પ સાઈટ ઉપર મોટા પ્રમાણમાં કચરો જમા નહીં થાય.

એક બાજુ શહેરની સ્વચ્છતા પણ જળવાશે...
અને બીજી બાજુ ખાતર અને વીજળી પણ મળશે.
છે ને ફાયદાની વાત,

તો આવો, આપણા અમદાવાદને
વધારે સ્વચ્છ, વધારે સુંદર અને આધુનિક બનાવવા માટે
આપણે સૌ એક નાનકડું કદમ ઉઠાવીએ...

સૂકો કચરો નાંખીએ વાદળી કચરાપેટીમાં
અને ભીનો કચરો.. લીલી કચરાપેટીમાં

**(નોંધ :- સદરહુ સ્પિચ વખતે વાદળી અને લીલા રંગની ડસ્ટબીન સ્ટેજ પર રાખવી)**